ગાંધીનગર સમાચાર

શહેરના જાહેર માર્ગો પર બેનર-હોર્ડીંગ્સની ભરમાર

# વિધાનસભાની પરંપરા અને પ્રણાલિઓ પર દસ્તાવેજી ફિલ્મ બનશે

## હવે વિધાનસભા સંકુલમાં ખાસ ક્લોકરૂમ બનશે : રિનોવેશનનું સેમ્પલ હાઉસ તૈયાર કરાય છે : મહિલા લોંજ બીજે માળે ખસેડાઈ

ગાંધીનગર, તા.૧૮

સોમવારથી શરૂ થઈ રહેલા વિધાનસભાના અંદાજપત્ર સત્રના પ્રારંભે જ વિધાનસભા પરિવારની દુઃખદ ઘટનાઓ થતાં વિધાનસભા પરિસરમાં શોકની લાગણી સવાર થઈ જવા પામી છે.

વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાના લઘુબંધુનું



**વિધાનસભાના દ્વારેથી**

**- પ્રકાશ જહા**

દુઃખદ અવસાન થયું છે તો વિધાનસભાના સચિવ ડી.એમ. પટેલના માતુશ્રીનું દુઃખદ અવસાન થયું છે. આ બે દુઃખદ ઘટનાઓને પગલે વિધાનસભા સત્રને લઈ જોવા મળતો ઉત્સાહ એવો જોવા મળતો નથી. સૌ શોકમાં ડુબેલા છે.

**વિધાનસભામાં ચાલી રહેલુ શુટીંગ**

વિધાનસભાની ૧૯૬૦માં રચના પછી પહેલીવાર ૨૨ મિનિટની એક ડૉક્યુમેન્ટરી તૈયાર કરવામાં આવી રહી છે. કનોડિયા ફિલ્મસ દ્વારા આ ડૉક્યુમેન્ટરી તૈયાર કરવામાં આવી રહી છે. અમદાવાદ તેમજ ગાંધીનગરની જુની વિધાનસભામાં શુટીંગ પૂર્ણ થયા બાદ આજે સંકુલમાં શુટીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ ડૉક્યુમેન્ટરીને લઈ આજે ગુજરાતી ચલચિત્ર જગતના જાણીતા અદાકાર હીતુ કનોડિયા પણ વિધાનસભા આવ્યા હતા. તેમને જોવા ચાહકોની સારી એવી ભીડ પણ એકત્ર થઈ હતી. સફેદ ઝભ્ભામાં સજ્જ હીતુ કનોડિયાએ કહ્યું હતું કે, આ દસ્તાવેજી ફિલ્મ ગુજરાતનું સંસદીય પરંપરાનું આગવુ ઘરેણું બની રહેશે.

**વિધાનસભાનું સેમ્પલ હાઉસ તૈયાર કરાઈ રહ્યું છે**

વિધાનસભા ગૃહના રિનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવી હોવાથી તેનું સેમ્પલ રિનોવેશન દર્શાવવા માટેની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. વિપક્ષના નેતાની કચેરી અને તેની આસપાસના વિસ્તારોમાં આ રિનોવેશનનું સેમ્પલ રજૂ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત પહેલા માળે નવું સંકુલ કેવું દેખાશે તેની ટ્રીપલીકા પણ રાખવામાં આવેલ છે.

**મહિલા લોંજ બીજા માળે ખસેડાઈ**

વિધાનસભાના મહિલા

● અનુસંધાન પાન-૭ પર



વિધાનસભા સત્રની તૈયારીઓ - સોમવારથી વિધાનસભાનું અંદાજપત્ર સત્ર શરૂ થવાના પગલે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં વ્યસ્ત બની છે... સોમવારે કોંગ્રેસની રેલી હોવાથી શહેરના રાજમાર્ગો પર ઠેર-ઠેર બેરીકેટ ઉતારવામાં આવી રહ્યા છે... ચ-માર્ગ અને ઘ-માર્ગ પર ટ્રાફીક અટકાવવા તથા રેલીને ધીમી કરવા બેરીકેટનો ઉપયોગ મોટા પ્રમાણમાં કરાશે એમ લાગી રહ્યું છે...

# શહેરમાં ઉનાળાનો ધમાકેદાર પ્રારંભ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાંથી શિયાળો ધીમીગતિએ વિદાય લઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે.ત્યારે છેલ્લા ગણા સમયથી શહેરના તાપમાનનો પારો દિનપ્રતિદિન ઉંચે જઈ રહ્યો છે. જેથી શહેરના નાગરીકોને ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.શનિવારના રોજ મહતમ તાપમાનનો પારો ૩૬.૮ ડિગ્રીએ પહોંચી ગયો છે.જયારે લઘુતમ તાપમાન ૧૭.૫ નોંધાયું છે. જેથી શહેરના નાગરીકોને આજે રીતસરના પંખા,કુલર અને એસી બપોરના સમયે ચાલુ કરી દીધા હતા. જયારે નાગરીકોએ બપોરના સમયે આકરી ગરમીના કારણે બહાર જવાનું પણ ટાળ્યું હતું.

શિવરાત્રીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે તાપમાનનો પારો સતત ઉંચકાતા ગરમી પણ આકરી બની છે. શહેરના વાતાવરણમાં જે પ્રકારે ફેરફાર જોવા



મળી રહ્યા છે તેના અનુભવ નાગરીકો કરી રહ્યા છે. સવાર-સાંજ ઠંડી અને બપોરના સમયે ઉનાળામાં પડે છે તેવી કાળઝાળ ગરમીનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. ત્યારે નાગરીકોએ પંખા, એસી અને કુલર શરુ કરી દઈને ઘરમાં પુરાઈ રહ્યા હતા. હજુ પણ હવામાન ખાતાની આગાહી મુજબ તાપમાનના પારામાં વધઘટ જોવા મળશે. શહેરમાં સવારના સમયે ૪૭ ટકા અને સાંજે ૨૫ ટકા ભેજના ફેરબદલને કારણે નાગરીકો ગરમીમાં પરસેવે રેબઝેબ થઈ જાય છે. ત્યારે એમ કહી શકાય કે શહેરમાં ઉનાળાનો ધમાકેદાર પ્રારંભ થઈ ચુક્યો છે. ઉનાળાના પ્રારંભે જ નાગરીકોની આ હાલત છે તો આગામી સમયમાં ઉનાળાની કાળઝાળ ગરમીનો સામનો કરવા એક સે બઢકર એક અખતરા નાગરીકો દ્વારા કરવામાં આવશે.

# હવે; પંચાયતોએ વિકાસના કામો અંગેની સૂચી કચેરીમાં લગાવવી પડશે

ગાંધીનગર, તા. ૧૮

જિલ્લામાં હવે ગ્રામ પંચાયત કક્ષાએ થયેલા વિકાસના કામોની સૂચી નાણાંકીય વર્ષાન્તે દેખાય તે રીતે દર્શાવવા માટેની સૂચનાઓ તલાટીઓ સાથેની બેઠકમાં આપવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારમાં વિકાસના કામો જે જુદા જુદા હેડ હેઠળ કરવામાં આવે છે તેની વિગતો તેમજ તે પાછળ થયેલ ખર્ચની રકમ પણ દર્શાવવાની રહેશે. મળતી વિગતો પ્રમાણે જિલ્લા તંત્રે આ બેઠકમાં ૧૪માં નાણાંપંચની ગ્રાન્ટ જે મળી ગઈ છે તેની વહીવટીય મંજૂરી મેળવી અને શરૂ કરવા માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

જિલ્લામાં તલાટીઓને ફરજનું સ્થળ નહિ છોડવા માટે સતત બીજીવાર કડક તાકીદ કરવામાં આવી છે તેમજ જે બેઠકમાં હાજરી આપવા આવ્યા હોય તો તેના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર પણ હાજરી અંગેનું મેળવવાનું રહેશે.

આ બેઠકમાં ગામતળની જમીન જે ગામોમાં ઉપલબ્ધ નથી તે અંગેની દરખાસ્તો પણ સમયસર તૈયાર કરી સત્તાધિકારી સમક્ષ રજુ કરવા માટેની પણ સૂચનાઓ જારી કરાઈ છે.

આ બેઠકમાં ગામતળના પ્લોટો પર ગરીબોના આવાસ માટેની અરજીઓ સમય-મર્યાદામાં તાલુકા કક્ષાએ મોકલી આપવા અને તાલુકામાં પણ તાલુકા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં લેન્ડ કમિટીની નિયમિત બેઠકો મળે તે માટે તાકીદ કરવામાં આવી છે.

સ્વચ્છ ગામ-સ્વસ્થ ગ્રામ અંગે પણ દરખાસ્તો વિકાસ કમિશનર દ્વારા સૂચવવામાં આવેલ ફોર્મેટમાં તૈયાર કરી આ માસના અંત સુધીમાં પહોંચતી કરવા માટે જણાવાયુ છે. જેથી માર્ચમાં આ નાણાં ઉપલબ્ધ થયેથી ચુકવી શકાય. તલાટીઓને પણ દરેક યોજના માટે પંચાયતના બેંક એકાઉન્ટની વિગતો પણ અવશ્ય દર્શાવવા માટે ખાસ સૂચના આ બેઠકમાં આપવામાં આવી છે. જેમાં આધુનિક બેંકિંગ પ્રથાથી નાણાં ઝડપથી ઉપલબ્ધ બની શકે.

જિલ્લામાં તલાટીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓને પણ નિર્મળ ભારત અંતર્ગત શૌચાલય નિર્માણના મોનીટરીંગ માટે ખાસ તાકીદ કરવામાં આવી છે. આ માટે દર ચાર દિવસે રિવ્યુ કરવા અને પ્રગતિનો અહેવાલ જિલ્લા કક્ષાએ મોકલી આપવાની પણ સૂચનાઓ જારી કરવામાં આવી છે.

# શહેરની પ્રાથમિક શાળાઓને મોડેલ શાળા તરીકે ડેવલપ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરની ૩૩ સરકારી પ્રાથમિક શાળાઓને મોડલ સ્કૂલ તરીકે વિકસીત કરવા માટે "મારી શાળા મારૂ ગૌરવ" પ્રોજેક્ટ જિલ્લા તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત દરેક શાળા દીઠ વર્ગ-૧ના અધિકારી કેર ટેકર તરીકેની જવાબદારી સંભાળશે અને શાળાના અપગ્રેડેશન તેમજ ગુણવત્તાસભર શિક્ષણ, બાળકોની સંખ્યામાં વૃદ્ધિ સહિતની જવાબદારી સંભાળશે.

જિલ્લા કલેક્ટર સતીષ પટેલે આજે આ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે આખા પ્રોજેક્ટ અંગેની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરી દેવામાં આવી છે. આ માટે અધિકારીઓને જવાબદારી સોંપતા વહીવટીય હુકમો એકાદ દિવસમાં કરી દેવાશે.

ગુણોત્સવ દરમ્યાન ગાંધીનગર શહેરની શાળાઓને મોડેલ સ્કૂલ તરીકે ડેવલપ કરવી જોઈએ તેમજ તેમાં ગુણવત્તાસભર શિક્ષણ મળે તે જોવુ જોઈએ એટલુ જ નહિ શાળામાં વૈવિધ્યતાની સાથે શૈક્ષણિક વિકાસ થાય તે માટે તેની વિશાળ જગ્યાનો ઉપયોગ કરવાનું સૂચન રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંહે કર્યું હતું.

આ પછી તંત્રએ આગામી ૨૨મીએ શહેરની શાળાઓનો એક સંયુક્ત સાંસ્કૃતિક કાર્યક્રમ ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાવનો નિર્ણય કરેલ છે. આ પછી હવે આ સ્કૂલોના જતન અને માવજત માટે વર્ગ-૧ના અધિકારીને જવાબદારી સોંપવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ અધિકારી દરેક માસે બાળકોના વાલીઓ સાથે બેઠક કરશે તેમજ બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળે છે કે નહિ તેની ચકાસણી કરશે અને વાલીઓને તેની જાણકારી પણ આપશે.

ગાંધીનગર શહેરની શાળાઓને મોડેલ શાળા તરીકે વિકસાવવા માટે શાળાઓનો સામુહિક રમતોત્સવ પણ યોજવામાં આવશે. આ ઉપરાંત અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને ઈતર પ્રવૃત્તિઓમાં લોકોને સાથે જોડવામાં આવશે.

# શહેરના જાહેર માર્ગો પર બેનર-હોર્ડીંગ્સની ભરમાર

## સ્ટ્રીટ લાઇટના પોલ્સ પર પેમ્ફલેટસ : મુખ્ય માર્ગો આસપાસ બેનર્સ અને હાર્ડીંગ્સની ભરમાર : તુટેલા હોર્ડીંગ્સ દુર ન હટાવાતા રાહદારીઓને અડચણ

ગાંધીનગર તા ૧૮

શહેરમાં હાલ નજર નાંખો ત્યાં મુખ્યમાર્ગો સહીત સેકટરોના અન્ય રસ્તાઓની આસપાસ જુદા જુદા બેનર્સ અને હોર્ડીંગ્સ લટકતા જોવા મળે છે. વાઈબ્રન્ટમાં નગરના બ્યુટીફિકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે હાલ ચિથરેહાલ જોવા મળતા બેનર્સ નગરના મુખ્યમાર્ગોની સુંદરતાને ગ્રહણ લગાવ્યુ છે. માર્ગ મકાન વિભાગની મંજુરી વિના જ કોર્મશિયલ જાહેરાત માટે મનફાવે તેમ બોર્ડ તેમજ હોર્ડીંગ્સ ચિપકાવી દેવાયા છે. ત્યારે તંત્ર દ્વારા પણ આ મામલે

શહેરના મુખ્ય માર્ગો તેમજ સર્કલોની આસપાસ હાલ બેનર્સ અને જાહેરાત સ્વરૂપે ચિપકાવી દેવાયેલા આ બાર્ડસ પૈકી મોટાભાગના તુટેલી




કોઈ એકશન ન લેવાતા જાહેર માર્ગો જાહેર ખબરનુ માધ્યમ બન્યા છે. પેમ્ફેલટ તેમજ હોર્ડીંગ્સની ભરમાર જોવા મળી રહી છે. કાર્મશિયલ હાલતમાં હોવાથી બિહામણી

● અનુસંધાન પાન-૭ પર

**બેસણું**



અમારા પિતાશ્રી પુરૂષોત્તમદાસ અંબાલાલ ગજ્જર (પી.એ. ગજ્જર) તા. ૧૬-૦૨-૨૦૧૭ના રોજ અક્ષરનિવાસી થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૦-૦૨-૨૦૧૭ને સોમવારના રોજ રાખેલ છે.

સમય : સવારે ૯ થી ૧૨

સ્થળ : શ્રી વિશ્વકર્મા મંદિર હોલ, સેક્ટર-૧૨, પથિકાશ્રમની સામે, ગાંધીનગર

લિ.
ગં.સ્વ. મંજુલાબેન પુરૂષોત્તમદાસ ગજ્જર
ભરત પી. ગજ્જર (CA)
કેતન પી. ગજ્જર
યોગેશ પી. ગજ્જર
હિંમતભાઈ અંબાલાલ ગજ્જર
કનુભાઈ કાંતિલાલ સુથાર

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે.
લિ. રસીકભાઈ શકરચંદ ગજ્જર (માણસા)
હર્ષદભાઈ વિષ્ણુભાઈ ગજ્જર (માણસા)

BhagyaVidhata
Helping You Help Yourself in Creating Your Destiny
ગાંધીનગરમાં હિપ્નોથેરાપી માટે
પાર્ટનર
વૈકલ્પિક ઉપચાર ક્લિનીક બનાવવા માટે હિપ્નોસીસ, રેકી, પ્રાણિક હિલીંગના નિષ્ણાત જોઈએ છે. ક્લિનીક માટે યોગ્ય સ્થળવાળા ને પ્રથમ પસંદગી.
Contact : 9099023532
Email: liveblessings@gmail.com

**જોઈએ છે**
ઉદ્યોગ ભવન, ગાંધીનગર તથા નર્મદા ભવન વડોદરા માટે
(૧) ડેટા ઓપરેટર : (ગુજરાતી/અંગ્રેજી ટાઈપીંગ જાણકાર) બરોડા માટે જ પગાર ધોરણ : ૭,૦૦૦/- (જગ્યા-૧)
(૨) એચ.આર. આસીસ્ટન્ટ : (જગ્યા-૨) ગ્રેજ્યુએશન તથા એડમીન વિભાગના જાણકાર પગાર ધોરણ : ૧૦,૦૦૦/- થી ૧૫,૦૦૦/-
સંપર્ક : મો. ૯૭૧૨૯ ૭૫૧૩૬, ૯૮૨૪૨ ૭૧૭૭૬

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com